ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૨.૫ ડીગ્રી
લઘુતમ : ૨૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૧૯ ટકા

# શહેરમાં ધો. ૧૧માં પ્રવેશ માટે દોડધામ

## શહેરની દરેક શાળામાં સૌ પ્રથમ પોતાની શાળાના વિદ્યાર્થીઓને એડમિશન અપાય છે ત્યારબાદ જ બહારના વિદ્યાર્થીઓ માટે મેરિટ બહાર પડે છે

ગાંધીનગર, તા. ૨૬

બોર્ડના પરિણામ જાહેર થઈ ગયા છે અને શહેરની દરેક શાળામાં એડમીશન પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. ૧૦મા ધોરણ પછી આગળ સાયન્સ, કોમર્સ કે આર્ટસ કયા પ્રવાહમાં જવું તે માટે દરેક વિદ્યાર્થીઓ ગુંચવણમાં હોય છે. ગાંધીનગરની મુખ્ય શાળાઓ કડી કેમ્પસની આરજી પટેલ ગર્લ્સ, એમ.બી. પટેલ ઈંગ્લિશ મિડીયમ, શેઠ સી.એમ. હાઈસ્કૂલ, આર.સી. પટેલ હાઈસ્કૂલ, માઉન્ટ કાર્મેલ, ઝેવીયર્સ દરેકમાં ત્રણેય પ્રવાહના એડમિશન મેરિટ મુજબ અપાઈ રહ્યાં છે. આમ તો પોતાની શાળાના વિદ્યાર્થીઓને પ્રથમ અગ્રતા અપાય છે અને ત્યારબાદ બહારના વિદ્યાર્થીઓ માટે મેરિટ મુજબ એડમિશનની પ્રક્રિયા થાય છે. જેની શરૂઆત શહેરની શાળાઓમાં થઈ ગઈ છે. ઉલ્લેખનીય છે કે આમ એડિમીશન પ્રક્રિયા માટે શાળાના સંચાલકો પર બહારના લોકો દ્વારા દબાણ પણ કરવામાં આવતુ હોય છે.

શહેરના બાળકો ધો. ૧૦ બોર્ડનું પરિણામ આવ્યા પછી ધો. ૧૧ના એડમિશન માટે તૈયારી કરતા જોવા મળી રહ્યા છે. ત્યારે પોતાની જ શાળામાં એડમીશન લેવુ સરળ છે ત્યારે બીજી શાળામાં એડમિશન લેવા માટે મેરિટ મુજબ પ્રક્રિયામાં ભાગ લેવો પડે છે. શહેરની દરેક શાળા જ્યાં ઉચ્ચત્તર માધ્યમિકનું શિક્ષણ અપાઈ રહ્યું છે ત્યાંના સંચાલકો સાથે વાત કરતા જાણવા મળ્યુ છે કે પોતાની શાળામાં ધો. ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના માર્કસ અમે નથી જોતા અને તેમને અમે અમારા નિયત કરેલી સમયરેખા મુજબ એડમિશન લેવા આવે તો આપી દઈએ છીએ અને ત્યાર પછી જ બહારની શાળાના વિદ્યાર્થીઓને પ્રવેશ માટેના મેરિટ બહાર પાડીએ છીએ. શહેરની સે. ૨૩ સ્થિત એમ.બી. પટેલ ઈંગ્લિશ મિડિયમ સ્કૂલનું મેરિટ સાયન્સ માધ્યમમાં ગણિત અને વિજ્ઞાનના થઈને ૧૨૦ માર્કસ એ અટકે છે. કોમર્સમાં ૯૦ ટકા અને આર્ટસમાં ૭૫ ટકાએ મેરિટ અટકે છે. જ્યાં કુલ ૧૨૦ સીટ હોવાથી શાળાના વિદ્યાર્થીઓને એડમીશિન આપ્યા પછી મેરિટ મુજબ બહારના વિદ્યાર્થીઓને એડમિશન અપાય છે. શાળાના સંચાલકના કહ્યા મુજબ અહીંના ક્વોલિફાઈડ સ્ટાફને લીધે અહીં એડમિશન લેવા માટે બહારના વિદ્યાર્થીઓનો ધસારો પ્રવેશ માટે રહે છે. સંચાલકોને એડમિશન માટે ફોન આવતા હોય છે. દબાણ સાથે આગ્રહ પણ રહે છે. આ ઉપરાંત સે. ૨૩ સ્થિત શેઠ સી.એમ. હાઈસ્કૂલ જ્યાં સાયન્સ પ્રવાહનું શિક્ષણ અપાય છે. જ્યાં કુલ ૩૩૦ સીટ છે અને દર વર્ષે શાળાના બાળકો સિવાય બહારના બાળકો માટે યાદી બહાર પડાય છે. જેમાં પ્રથમ યાદીમાં ૭૦ ટકા અને બીજી યાદીમાં ૬૫ ટકાએ મેરિટ અટકે છે. વર્ષોથી પ્રતિષ્ઠિત ગ્રાન્ટેડ શાળાઅને શાળાના નિષ્ણાંત શિક્ષકોના લીધે શાળામાં એડમિશન લેવાનો આગ્રહ વધુ રહે છે. શાળાના સંચાલકોને ભલામણ પત્રો અને થોડુ દબાણ પણ કરવામાં આવે છે પરંતુ શાળાના સંચાલકો દ્વારા નિયમ મુજબ કામ થઈ રહ્યુ છે. કડી કેમ્પસની આરસી પટેલ શાળામાં સાયન્સમાં ગણિત, વિજ્ઞાનના ૫૦ ટકા માર્કસ જોઈને કુલ ૩૦૦ સીટમાં એડમિશન અપાય છે અને કોમર્સમાં ૨૪૦ સીટમાં ગણિત અને અંગ્રેજીના માર્કસ, ૫૦ ટકા જોઈને એડમિશન અપાય છે. સે. ૨૩ કડી કેમ્પસની આર.જી. પટેલ ગર્લ્સ હાઈસ્કૂલમાં વિજ્ઞાન પ્રવાહમાં આ વખતે ૮૯ ટકાએ મેરિટ અટક્યુ છે. જ્યારે આર્ટસમાં ૫૬ - ૫૭ ટકાએ અને કોમર્સમાં અંગ્રેજી અને ગણિતના થઈને ૬૫ ટકા માર્કસથી મેરિટ અટકે છે. શાળામાં ક્યારેય એડમિશન માટે ફોન આવે અને આગ્રહ હોય ત્યારે દરેક પરિસ્થિતિ જોઈને વિદ્યાર્થીને શાામાં એડમિશન અપાય છે. સે. ૨૧ સ્થિત માઉન્ટકાર્મેલ શાળામાં લગભગ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા જ એડમિશન થઈ જાય છે અને સીટ ભરાઈ જાય છે. ત્યારે જો જગ્યા વધે તો મેરિટ અને જગ્યાની સંખ્યા જોઈને એડમિશન અપાય છે.

### રસ્તા પર ન કરો મસ્તી, જિંદગી નથી એટલી સસ્તી’

# ટ્રાફિક અવેરનેસ સાથે શહેરમાં નીકળી સાયકલ રેલી



ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરમાં જીઉ એટલે ગ્રો ગ્રીન્સ ગાંધીનગર નામની સાયકલ ક્લબ ચાલે છે. સાયકલ કોર્પોરેટર પિંકી જહા દ્વારા ગાંધીનગર ખાતે રવિવારે સવારે ટ્રાફિક અવેરનેસ સાથે એક સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરના મેયર રીટાબહેન પટેલ, મેરેથોન રનર સંજય થોરાત દ્વારા આ રેલીનું પ્રસ્થાન કરાવાયુ. ગાંધીનગરના ખ્યાતનામ સાયકલીસ્ટ પિંકી જહા, રમેશબાબુ ગુરૂ, પ્રણવ જહા, શ્યામ પ્રજાપતિ, પ્રકૃતિ જહા, વૈશાલી વગેરે સાયકલ સવાર આ રેલીમાં જોડાયાં હતા. જેમાં બે તો ૧૦-૧૨ વર્ષના બાળકો હતા. આ રેલી ગાંધીનગર મહાનગરપાલિકાથી ઘ રોડ પર ઘ-૦ થી ચ-૦ થઈ, ઉદ્યોગભવન થઈ પરત ફરી હતી. દરેક સાયકલ સવારે પોતાની ટી શર્ટ પર ‘મોબાઈલ અને ડ્રાઈવીંગ સાથે નહીં, રસ્તા પર ન કરો મસ્તી, જિંદગી નથી એટલી સસ્તી’, ‘સેફ ડ્રાઈવ, સેવ લાઈવ’, જેવા સ્લોગન લગાવ્યા હતા. મેયર રીટાબહેન પટેલ પણ થોડે સુધી આ સાયકલ રેલીમાં જોડાયાં હતા. ગાંધીનગરમાં લોકો સવારે વહેલાં ઉઠીને સાયકલ ચલાવે અને તંદુરસ્ત રહે અને અઠવાડીયે એકવાર પોતાની વર્કીંગ પ્લેસ પર સાયકલ લઈને જાય એવો સંદેશો આપ્યો હતો. જીથ્રી ક્લબ મહિને એકવાર આ રીતે શહેરના માર્ગો પર સાયકલ જાગૃતિ માટે નીકળશે જેને મેયર સહીતના આગેવાનો જોડાઈને સહકાર આપશે.

# “સેકન્ડ ઈનીંગ” રમી રહેલા ૬૦ થી વધુ વયના વડિલો માટે “ગમતાનો કરીએ ગુલાલ” કાર્યક્રમ

## રોટરી ક્લબ આયોજિત કાર્યક્રમમાં બી.એન. દસ્તુર, શાહબુદીન રાઠોડ અને દિપક તેરૈયા સહિતના સુપ્રસિદ્ધ વક્તાઓનાં વક્તવ્યો ને નાટકનો કાર્યક્રમ


ગાંધીનગર, તા. ૨૬

જીવનમાં ૬૦ વર્ષની આયુ પછી એક નવા જીવનની શરૂઆત થાય છે. ગાંધીનગરના ૬૦ વર્ષથી ઉપરના વરિષ્ઠ વડિલોને તેમના ૬૦ પછીના જીવનના સમયને હકારાત્મક બદલાવ દ્વારા સક્રીય અને સામાજિક ઉત્તરાદાયિત્વવાળુ બનાવી સમાજ માટે ઉદાહરણરૂપ બની શકે તે માટે રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા “સેકન્ડ ઈનીંગ” નામના એક દિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આનંદ મંગલ સાથે આર્ટ ઓફ એજીંગનો સુંદર સુમેળ સાધી આનંદની અનુભૂતિ કરાવતા આ કાર્યક્રમમાં બી.એન. દસ્તુર, દિપક તેરૈયા, મુસાફિર પાલનપુરી, પુરૂષોત્તમ રૂપાલા તથા શાહબુદીન રાઠોડ જેવા સુપ્રસિદ્ધ વક્તાઓ ઉપસ્થિત રહી વડિલોને “સેકન્ડ ઈનીંગ”માં “ગમતાનો કરીએ ગુલાલ” માટે પ્રેરિત કરશે.

કાર્યક્રમ અંતર્ગત નગરના ખ્યાત નાટ્યકાર કુંતલ નિમાવત અને તેમની ટીમ દ્વારા મનોરંજક નાટક ‘જીવનસંધ્યાનો આનંદ’ તથા વડિલોને કાયમ ગમતાં ફિલ્મી ગીતોની પ્રસ્તુતિ પણ કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં સામેલ થવા ઈચ્છતા ૬૦ વર્ષથી ઉપરની વયના વડિલોએ ફોર્મ ભરી રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. કાર્યક્રમના ફોર્મ રાયસણમાં પીડીપીયુ ક્રોસ રોડ પાસે રાધે સ્નેક્સ, કુડાસણમાં રાધે સ્કેવરમાં ઈમેજીન, સરગાસણ ચાર રસ્તા નજીક કિડ્ઝી પ્રિ-સ્કૂલ, ઈન્ફોસિટીમાં સુપરમોલ-૧માં ગાર્ગી કલેક્શન, સેક્ટર-૧માં ગાયત્રી મંદિર, ગ-૨ સર્કલ પાસે ગાયત્રી હોસ્પિટલ, સેક્ટર-૭માં અરિહંત રેડીમેડ ગારમેન્ટ્સ, સેક્ટર-૮માં પ્લોટ નં. ૬૮૪ ખાતે ગાંધીનગર સમાચાર કાર્યાલય અથવા સેક્ટર-૧૧માં રાધે સ્વીટ્સ ખાતેથી મેળવી શકાશે. આ ઉપરાંત કાર્યક્રમ અંગે વધુ માહિતી સેક્ટર-૨૨માં પંચદેવ મંદિર પાછળ રોટરી ફિઝિયોથેરેપી સેન્ટર ખાતેથી મેળવી શકાશે.

## જન્મદિને વધામણી



સુશીલાબેન ભાનુપ્રસાદ જોશી
સામાજિક કાર્યકર

# સુરતનાં મૃતક બાળકોને શ્રદ્ધાંજલિ આપવા સોમવારે મૌન રેલીનું આયોજન

ગાંધીનગર, તા. ૨૬

સુરતમાં બનેલી આગની દુઃખદ ઘટનાના ગાંધીનગરમાં પણ ઘેરા પ્રત્યાઘાતો પડ્યાં છે અને માસુમ બાળકોના કમકમાટીભર્યા મોતને પગલે શહેરમાં શોકની લાગણી પ્રસરવા પામી છે. હૃદયને હચમચાવતી કંપારી છુટે તેવી આ ઘટનાના મૃતક બાળકોના આત્માની સદ્ગતી શાંતિ અર્થે શહેરમાં સોમવારે સાંજે ૭ કલાકે મૌન રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

આ મૌન રેલી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતેથી નિકળી ઘ-૪ સર્કલ સુધી જશે જ્યાં મીણબત્તી સાથે મૃતક બાળકોના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવશે. આ મૌન રેલીનું આયોજન ગાંધીનગરની ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા જુનિયર સીટીઝન કાઉન્સિલ, શહેર વસાહત મહામંડળ, હેપ્પી યુથ ક્લબ તથા સહયોગ મંડળના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું છે. જેમાં જોડાવા શહેરના તમામ સંવેદનશીલ નાગરિકોને જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.

### ‘દીકરી વહાલનો દરિયો’ ઉક્તિ ફરી સાર્થક થઈ

# ખુશીના જ્વલંત પરિણામથી પરિવારની “ખુશી” બેવડાઈ..!!

ગાંધીનગર, તા. ૨૬

દિકરી મા-બાપની આંખના તારા સમાન હોય છે, દિકરી મા-બાપના હૃદયની ધડકન હોય છે અને દિકરી એટલે આંગણે વાવેલી તુલસી હોય છે. દિકરી પોતાના વ્હાલ જ નહી પોતાની કુશળતા થકી એક પિતાને સન્માર્ગે વાળે તેવી ઘટના ગાંધીનગરમાં બનવા પામી છે. સેક્ટર-૨૩માં કડી સર્વ વિદ્યાલય સંકુલ સંલગ્ન એમ. બી. પટેલ ઈંગ્લીશ મિડીયમ સ્કૂલમાં અભ્યાસ કરતી કુ. ખુશી રતનજી વણઝારાએ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની બોર્ડની પરીક્ષામાં ૯૬.૮૯ પર્સન્ટાઈલ રેન્ક સાથે સ્કૂલમાં પ્રથમ સ્થાન તો મેળવ્યું જ છે પરંતુ તે સાથે તેણે પોતાના



પિતાને વ્યસનની બદીમાંથી મુક્ત કરાવ્યા છે. ખુશીના પિતા રતનજી વણઝારા ટેક્ષી ડ્રાઈવર છે અને તેમને ઘણા સમયથી દારૂની લત હતી જેનાથી દિકરી સહિત પરિવાર પરેશાન હતુ. ખુશીએ ધો. ૧૨માં બોર્ડની પરીક્ષામાં સ્કૂલમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરતા મા-બાપની ખુશીનો પાર ના રહ્યો ત્યારે આ તક ઝડપી તેણે પિતા પાસે વ્યસનમુક્ત થવાનુ વચન માંગી લીધુ અને રતનજીએ પણ દિકરીની સિદ્ધિનું સન્માન તથા દિકરીના વ્હાલનું માન જાળવવા પોતાની લત છોડી દેવાનો નિર્ધાર કરી ફરી ક્યારેય દારૂને હાથ નહી લગાડવાની પ્રતિજ્ઞા લઈ લીધી. આ સાથે જ ખુશીના માતા રાણીબેન સહિત સમગ્ર પરિવારમાં ખુશી બેવડાઈ ગઈ અને તે સાથે ખુશીએ ભણી ગમીને જીવનમાં આઈએએસ અથવા આઈપીએસ અધિકારી બનવાનો નિર્ધાર વ્યક્ત કર્યો જેને પુરો કરવા માતા-પિતાએ તમામ સહકાર આપવાનું પણ વચન આપ્યું છે.

### બીસીએ કોલેજના વિદ્યાર્થીઓનું

# ઓરેકલ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડમાં પ્લેસમેન્ટ

ગાંધીનગર, તા. ૨૬

કડી સર્વ વિશ્વવિદ્યાલય (દ્રજીફ) સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝના યજમાન પદે, દ્રજીફ અને ‘દ્વિષ્ઠજ્ઞી’હદ્મૈટ્ટ’ દૃ. ન્દ્બ.ના સહયોગથી કેમ્પસ પ્લેસમેન્ટ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગુજરાતની કુલ ૧૦ જેટલી યુનીવર્સીટી/કોલેજોએ ભાગ લીધો હતો. આ પ્લેસમેન્ટ ડ્રાઈવમાં ગુજરાતની વિવિધ પ્રતિષ્ઠિત કોલેજમાંથી કુલ ૧૬૯ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રથમ રાઉન્ડ written screening, દ્વિતિય રાઉન્ડ Technical Interview અને તૃતીય રાઉન્ડ હ્યુમન રિસોર્સ એમ ત્રણેય રાઉન્ડના અંતે કંપની દ્વારા ૧૬ વિદ્યાર્થીઓને નોકરી માટે પસંદ કરવામાં આવ્યા હતા જે પૈકી ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ (BCA)ના સેમિસ્ટર-૫ના ૪ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે. આ વિદ્યાર્થીઓને રૂ. ૪,૩૦,૪૬૦નું પેકેજ મળશે સાથે સાથે આ વિદ્યાર્થીઓને બિટ્સ-પીલાની જેવી ખ્યાતનામ ઈન્સ્ટિટ્યૂટમાંથી કંપની દ્વારા કંપનીના ખર્ચે આં વિદ્યાર્થીઓને હાયર એજ્યુકેશન (એમ.ટેક) કરાવવામાં આવશે. નોકરી મેળવતા આ તમામ વિદ્યાર્થીઓને સંસ્થા તરફથી ખુબ ખુબ અભિનંદન આપવામાં આવ્યા છે. આ અંતર્ગત વધુ માહિતી આપતા કોલેજના પ્લેસમેન્ટ કોઓર્ડીનેટર્સએ જણાવ્યું છે કે વિવિધ અભ્યાસક્રમો જેવા કે BCA, MCA, M.Sc.(IT)માંથી કુલ ૧૬૯ પ્રતિસ્પર્ધીઓ હતા અને કુલ ત્રણ રાઉન્ડના અંતે ૧૬ વિદ્યાર્થીઓને નોકરી માટે પસંદ કરવામાં આવ્યા હતા. આ ૧૬ ફાઈનલીસ્ટમાં આ કોલેજના BCA સેમેસ્ટર-૫માં અભ્યાસ કરતા ૪ વિદ્યાર્થીઓ – પવન શર્મા, અંજના રમેશ, વ્રજ ભટ્ટ અને વિભૂરૂષિ ચોટલીયા જૂનિયર ક્વાલિટી એનાલિસ્ટ તરીકે પસંદગી પામ્યા હતા. પ્લેસમેન્ટ ડ્રાઈવ અને કોલેજમાં વિદ્યાર્થીઓને કરાવવામાં આવતી તૈયારીઓ વિષે વાત કરતા કોલેજના ડાયરેક્ટર ડૉ. સંજય એમ. શાહએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ સારી નોકરી મેળવી શકે અને આ માટે જરૂરી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષામાં ધરી સફળતા મેળવી શકે તે હેતુ કોલેજના પ્લેસમેન્ટ વિભાગ અને ફેકલ્ટીમિત્રો દ્વારા તેઓને સઘન અને સતત માર્ગદર્શન આપવામાં આવે છે. આ કોલેજમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીના ભાગરૂપે વિદ્યાર્થીઓ માટે સમયાંતરે વિવિધ સેમીનાર અને વોર્કશોપનું આયોજન કોલેજ દ્વારા કરવામાં આવે છે. ઔદ્યોગિક એકમોની માંગને પહોચી વળવા માટે આ વિદ્યાર્થીઓને સેમિસ્ટર-૨થી જ અભ્યાસક્રમમાં પ્રોજેક્ટને લગતી તાલીમ આપવામાં આવે છે જેના ફળ સ્વરૂપે સેમિસ્ટર-૬ સુધીમાં આ વિદ્યાર્થીઓ વિવિધ ટેકનોલોજીમાં પારંગત થાય છે અને નોકરી મેળવવામાં અગ્રેસર રહે છે. જેનો સંપૂર્ણ શ્રેય વિદ્યાર્થીઓની મહેનત અને અધ્યાપકોના માર્ગદર્શનને આપી શકાય. અન્ડર ગ્રેજ્યુએટ લેવલ પર ઝળહળતી સફળતા બદલ સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલ સાહેબ અને કડી સર્વ વિશ્વ વિદ્યાલય પરિવાર તરફથી પણ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા અને ભવિષ્યમાં વિદ્યાર્થીઓ ઉત્તરોતર પ્રગતિ કરે અને પ્રત્યેક પ્લેસમેન્ટમાં નવા બેંચમાર્ક સેટ કરતા રહે તેવી શુભેચ્છા પાઠવામાં આવી છે.

## દુખદ અવસાન

ગાંધીનગર, તા. ૨૬

મૂળ હળવદના અને હાલ ગાંધીનગર રહેતા કિશોરભાઈ નારણભાઈ ચૌહાણના પિતાશ્રી નારણભાઈ મકનજીભાઈ ચૌહાણનું તા. ૨૨મી મે ૨૦૧૯ના રોજ અવસાન થવા પામ્યું છે. સ્વર્ગસ્થનું બેસણું તા. ૨૭મી મે સોમવારે સાંજે ૪ થી ૬ કલાક દરમ્યાન તેમના નિવાસસ્થાન સેક્ટર-૨૯માં રંગમંચની સામે બ્લોક નં. ૨૪/૨, ચ-ટાઈપ ખાતે રાખવામાં આવ્યું છે.

## ચિરવિદાય

- પટેલ સીતાબેન ભીખાભાઈ (ઉવ ૭૩)
- પરમાર દુધીબેન મગનભાઈ (ઉવ ૮૮)
- પંડ્યા છાયાબેન મીતેશભાઈ (ઉવ ૫૨)
- વીરબહાદુર પદમબહાદુર દમાઈ (ઉવ ૩૨)
- લક્ષ્મીબેન જોઈતારામ પટેલ (ઉવ ૮૫)

# સરકારીતંત્રની બેદરકારીને ચલાવી લેવાનું ટાળવું પડશે

ગાંધીનગર, તા. ૨૬

સુરતમાં સરથાણા વિસ્તારમાં કોમ્પ્લેક્ષમાં આગ લાગવાને કારણે ત્યાં ચાલી રહેલા ખાનગી ટ્યુશન કલાસના બાળકોના કમકમાટીભર્યા મૃત્યુ થવાથી કાળજુ કંપાવનારી ગોઝારી ઘટનાને કારણે સૌ કોઈના હૃદય હચમચી ગયા છે. આ સાથે જ રાજ્યભરમાં ટ્યુશન ક્લાસીસ તથા અન્ય શૈક્ષણિક એકમોની ફાયર સેફ્ટી સીસ્ટમ ચકાસવા સરકારી તંત્ર હરકતમાં આવી જવા પામ્યું છે અને અત્યાર સુધી ફાયરસેફ્ટી સીસ્ટમની અતિ મહત્વની તથા ફરજિયાત જરૂરી એવી સુવિધાને હળવાશથી લેવાની ભૂલને કારણે ભોંઠપ પણ અનુભવી રહ્યું છે. આ ઘટના સાથે જ સરકારના “સ્માર્ટસીટી” તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ જેવા રૂપકડાં શબ્દોની પોકળતા પણ ફાયરબ્રિગેડની ટીમ પાસેના અપુરતા સાધનોની હકીકતથી ખુલ્લી પડી જતા રાજ્યમાં “વિકાસ”ના દાવાઓ પર પ્રશ્નાર્થ ઉભા થવા પામ્યાં છે. જોકે હંમેશની જેમ પુર આવે પછી પાળીઓ બાંધવા બેસતા સરકારીતંત્રની ઘોડા નાસી જાય પછી તબેલાને તાળા મારવા જેવી કામગીરીના ભરોસે બેસી રહેવાને બદલે હવે નાગરિકોએ જાતે કેટલીક જાગૃતિઓ કેળવવી જરૂરી થઈ રહી છે.

આગ લાગે ત્યારે કુવો ખોદવાની આપણી કહેવતને યથાર્થ ઠેરવતી સરકારી કવાયતો ભલે ચાલે પરંતુ આ સાથે તંત્રએ નાગરિકોને આગ લાગે ત્યારે શુ કરવુ, ભૂકંપ આવે ત્યારે શું કરવુ, અતિવૃષ્ટિ થાય ત્યારે શું કરવું, વિનાશક વાવાઝોડું આવે ત્યારે શું કરવુ, આતંકવાદી હુમલો થાય ત્યારે શું કરવુ આવા અનેક સંજોગો સામે કેવી રીતે મુકાબલો કરવો તેની યોગ્ય જાણકારી સાથેની તાલીમ માત્ર સરકારી ચોપડે કે જાહેરાતો પુરતી મર્યાદિત ના રહે તે રીતે આપવી જરૂરી જણાય છે. મોટાભાગના કેસમાં આગ લાગવાને કારણે ઉત્પન્ન થતા ડર અને ભાગદોડના કારણે પણ જોખમ વધી જતુ હોય છે અને તે સમયે સ્થળ પર ઘણીવાર ફાયર એસ્ટીંગ્યુઝર જેવા અગ્નિશામક સાધનો ઉપલબ્ધ હોવા છતાં ભુલાઈ જાય તેવું પણ બનવા પામે છે. કેટલીકવાર તો આવા સમયે આ સાધનો કાર્યરત સ્થિતિમાં નથી હોતા અથવા તો હાજર વ્યક્તિઓને તેનો ઉપયોગ કેવી રીતે કરવો તેની પણ પુરતી જાણકારી હોતી નથી. વળી, ઘટના સ્થળની આસપાસ અગાઉથી પાર્ક કરાયેલા વાહનો તથા ઘટના બનવાને કારણે જ્યા થયેલા ટોળાને કારણે ક્યારેક ફાયરબ્રિગેડને ઘટના સ્થળ સુધી પહોંચવામાં અડચણરૂપ બની શકે છે.




ગાંધીનગરના ચીફ ફાયર ઓફિસર મહેશ મોડ જણાવે છે કે દરેક વ્યવસાયિક કે શૈક્ષણિક એકમોમાં આગ લાગે ત્યારે શું કરવું તેની બેઝીક તાલીમ આપવી જરૂરી છે. તેમના જણાવ્યા મુજબ જ્યારે પણ આગ લાગે ત્યારે જે તે સ્થળના બારી-બારણા ખોલી નાંખવા જોઈએ, જરૂર લાગે તો કાચ તોડી નાંખીને પણ ધુમાડાને બહાર નીકળવાનો રસ્તો કરવો જોઈએ કેમ કે આગ કરતા વધુ મોત ધુમાડાના કારણે સર્જાય છે. ધુમાડાથી ગભરામણ કે શ્વાસ લેવામાં તકલીફ ન થાય તે માટે નીચે ફર્શ પર પેટે ઘસડાતા આગળ વધવુ જોઈએ કેમકે ધુડામો હંમેશા ઉપરની દિશા તરફ ગતિ કરે છે. આ સમયે ભીનો રૂમાલ કે કપડું મોઢા પર બાંધી દેવાથી ધુમાડાથી બચી શકાય છે. શક્ય હોય તો બાથરૂમ તરફ જવું જોઈએ અને છતાં જો કોઈ દાઝે તો તુરંત તેના પર ઠંડુ પાણી સતત રેડવુ જોઈએ. આવી ઘણી બધી બાબતો આગ લાગે ત્યારે ધ્યાનમાં રાખવી જરૂરી બને છે. આગ લાગવાના મુખ્ય કારણોમાં ઈલેક્ટ્રીક વાયરીંગમાં શોર્ટ સર્કિટ મુખ્ય છે. આથી દર વર્ષે જે તે સ્થળનું ઈલેક્ટ્રીક ઓડિટ કરવુ અત્યંત જરૂરી છે. જ્યાં મોટી સંખ્યામાં વ્યક્તિઓની આવનજાવન હોય તેવી ઈમારોતમાં સીડીઓ શક્ય હોય તેટલી વધુ પહોળી હોવી જોઈએ અને તેના ફાયર સેફ્ટીના સાધનોનું દર વર્ષે ચેકીંગ કરાવી ફાયર એનઓસી રિન્યુ કરાવવી અત્યંત જરૂરી છે.

સુરતની ઘટના સમગ્ર સરકારી તંત્રની ઘોર બેદરકારીનું પરિણામ છે જ અને સરકારે હવે ગેરકાયદેસર દબાણો, આ દબાણોને “ઈન્પેક્ટ ફી”ના ઓથ તળે છાવરવાની નીતિ, ફાયર સહિતની આપત્તિ સમયે યોગ્ય બચાવકાર્ય, આપત્તિ ના સર્જાય તે માટે જરૂરી નિયત ધારાધોરણોનું કડક પાલન વગેરે વિષયે હવે ચલાવી લેવાની કે “વહીવટ” કરી લેવાની વૃતિઓને અંકુશમાં લેવી જ પડશે. આ સાથે નાગરિકોએ પણ જ્યારે અધધ ફી ભરીને સંતાનોને જેમના ભરોસે મુકે છે તેમણે ફાયર કે અન્ય આપત્તિ સમયે તમારા સંતાનની સુરક્ષા જોખમાય નહી તે માટે કેવી વ્યવસ્થા રાખી છે તે ચકાસી લેવુ પડશે. માત્ર ટ્યુશન ક્લાસ નહી પરંતુ દરેક નાગરિકે હવે તમામ જાહેરજગ્યાએ કાયદાનો ભંગ થતો હોય તેવી બાબતો અંગે અવાજ ઉઠાવવો જ પડશે.

- પ્રતિભાવો આવકાર્ય
Samirtalod@yahoo.com